| | | |
|---|---|---|
| | **સરખેજ પોલીસ સ્ટેશન**<br>**અમદાવાદ શહેર** | |

## પ્રેસનોટ

## ગેર કાયદેસર ચાલતા કોલ સેન્ટરમાં કુલ-૦૫ ઇસમોને પકડી પાડતી સરખેજ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટરશ્રી બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સબ.ઇન્સ.ડી.ડી.ચુડાસમા સા.તથા પો.સબ.ઇન્સ.વી.ડી.ડોડીયા સા.તથા અ.હેડ.કોન્સ.અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં-૪૧૨૮ તથા અ.લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં-૧૧૪૮ તથા અ.પો.કોન્સ.હરેશભાઇ લક્ષ્મણભાઇ બ.નં.૫૨૦૬ તથા અ.પો.કો જયરાજસિંહ મહીપતસિંહ બ.નં-૮૮૧૫ તથા અ.પો.કો.દશરથસિંહ કરશનભાઇ બ.નં-૧૩૧૭૫ તથા ધર્મેન્દ્રસિંહ નારણભાઇ બ.નં.૩૧૮૦ તથા અ.લોકરક્ષક કુલદીપસિંહ રાજેન્દ્રસિંહ બ.નં-૨૬૩ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા આ વખતે **પો.સબ.ઇન્સ.વી.ડી.ડોડીયા સા.નાઓને ખાનગી બાતમી હકિકત** મળેલ કે "મકરબા કટારીયા બિલ્ડીંગની બાજુમાં આવેલ સિધ્ધીવિનાયક કોમર્શીયલ ટાવરમાં "સી" બ્લોકના ચોથા માળે આવેલ ઓફીસ નં-૪૦૧ માં કેટલાક ઇસમો ભેગા મળી ગેરકાયદેસર કોલ સેન્ટર ચલાવીને અમેરીકન નાગરીકો પાસે લોન આપવાના બહાના હેઠળ ગિફ્ટ વાઉચર મેળવીને છેતરપીંડી કરતા હોય જે બાતમી આધારે બાતમી વાળી જગ્યાએ હકિકત સાચી જણાતા સદર જગ્યાએ રેઇડ કરી કુલ-૦૫ ઇસમોને પકડી પાડી સરખેજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૭૮/૨૦૧૯ ધી ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૧૯,૪૨૦,૧૨૦(બી) તથા આઇ.ટી.એક્ટ કલમ ૬૬(ડી),૬૬(સી) મુજબ ગુનો દાખલ કરી નીચે મુજબના આરોપીઓને તા.૦૩/૧૨/૨૦૧૯ ના કલાક ૦૫/૩૫ વાગે પકડી અટક કરી નીચે મુજબનો મુદ્દામાલ કબ્જે લઇ પ્રશંસનીય કામગીરી કરેલ છે.

- **કબ્જે કરેલ મુદ્દામાલ**-
  - (૧)લેપટોપ નંગ-૧ જેની કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-
  - (૨)ડેસ્કટોપ કોમ્પ્યુટર નંગ-૫ ની કિં.રૂ.૪૫૦૦૦/-
  - (૩)મોબાઇલ ફોન નંગ-૭ કિંમત રૂપિયા ૯૭,૦૦૦/-
  - (૪)એક મેઝીક ઝેક કિંમત રૂપિયા ૧,૦૦૦/-
  - (૫)WIFI રાઉટર કિં.રૂ.૧૦૦૦/- મળી કુલ્લે રૂપિયા ૧,૫૪,૦૦૦/-નો મુદ્દામાલ

**પકડાયેલ આરોપીઓ:-**

(૧)રવિ સન/ઓ હિરામણી રામસ્નેહિ બીંદ ઉ.વ.૨૮ રહે.હાલ ૨૨,જણકાર સોસાયટી આચાર્ય એકેડમી

જીવરાજ ચાર રસ્તા પાસે વેજલપુર અમદાવાદ શહેર મુળ વતન ગામ-એ.ટી.પર અનુરાગ નગર કોલોની જી,એચ.સી.એલ.સુત્રાપાડા જિ-જુનાગઢ

(૨)ઋત્વીક સન/ઓ પરેશભાઇ શિવપ્રસાદ પંડયા ઉ.વ.૨૪ રહે.હાલ ૨૦૧,એનેક્ષી કોમ્પલેક્ષ સ્ટાર બજારની સામે જોધપુર ચાર રસ્તા પાસે સેટેલાઇટ અમદાવાદ શહેર મુળ વતન માતૃ છાયા ૧૯ દ્રારકેશ પાર્ક સોમનાથ બાય પાસ ચોકડી પ્રભાસ પાટણ જિ-ગીર સોમનાથ

(૩)કિશન સન/ઓ રાજાભાઇ વીરભાઇ બારડ ઉ.વ.૨૫ રહે.હાલ ૨૦૧,એનેક્ષી કોમ્પલેક્ષ સ્ટાર બજારની સામે જોધપુર ચાર રસ્તા પાસે સેટેલાઇટ અમદાવાદ શહેર મુળ વતન ગામ આજોઠા તા-ગીરે સોમનાથ જિ-જુનાગઢ

(૪)ક્રિષ્ના સન/ઓ જગદિશભાઇ રાજદેવભાઇ પ્રસાદ ઉ.વ.૨૮ રહે.હાલ,૨૦૧,એનેક્ષી કોમ્પલેક્ષ સ્ટાર બજારની સામે જોધપુર ચાર રસ્તા પાસે સેટેલાઇટ અમદાવાદ શહેર મુળ વતન ગામ-અનુરાગ કોલોની મ.નં.ડી.ટી..૩૪ સુત્રપાડા વેરાવળ જી-ગીર સોમનાથ

(૫)અભિષેકભાઇ સન/ઓ રસિકભાઇ દેવરામભાઇ નિર્મળ ઉ.વ.૨૭ રહે.હાલ,બી/૮ સહ વાસ ફલેટ રવીનગર સ્કુલની બાજુમાં જીવરાજપાર્ક વેજલપુર અમદાવાદ શહેર મુળ વતન ગામ-કચ્છી કોલોની પાણીના બોર પાસે ડીસા જિ-બનાસકાંઠા

## <u>એમ.ઓ.:-</u>

આ કામના આરોપીઓએ ગેરકાયદેસર રીતે કોલ સેન્ટર ચલાવી અમેરીકન નાગરીકોના ડેટા મેળવીને તેમને બેન્કમાંથી લોન મંજુર કરાવવાના બહાના હેઠળ વિશ્ર્વાસમાં લઇને તેઓની લોન મંજુર કરાવી આપશે અને તેના બદલીમાં ગિફ્ટ વાઉચર ૨૦૦ થી ૫૦૦ ડોલરના આપવાનુ કહિને બાદમાં લોન મંજુર થઇ ગયેલ છે અને ચેક આપના એકાઉન્ટમાં જમા થનાર છે એમ કહિને તેમની પાસેથી વોલમાર્ટ અને ગુગલ પે દ્રારા ૨૦૦ થી ૫૦૦ ડોલરનુ ગિફ્ટ વાઉચર મેળવીને અમેરીકન નાગરીકો સાથે છેતરપીંડી કરે છે.

